પ્રશ્ન:-1 ગુજરાતના પ્રાચીન ઈતિહાસની માહિતી આપતા ગ્રંથ "પ્રબંધચિંતામણી"ના રચયિતા કોણ છે?

જવાબ:- **મેરુતુંગસૂરી**

પ્રશ્ન:-2 મેરુતુંગસૂરીએ લખેલા ગ્રંથ "પ્રબંધચિંતામણી" માંથી ક્યા રાજવંશોની માહિતી મળી આવે છે?

જવાબ:- **ચાવડાવંશના સમયથી સોલંકી વંશ સુધીની**

પ્રશ્ન:-3 પ્રાચીન પુરાતાત્વીક સ્થળો કોટ અને પેઢામલી કઈ નદીના કિનારે આવેલા છે?

જવાબ:- **સાબરમતી**

પ્રશ્ન:-4 પુરાતાત્વીક સ્થળ લાંઘણજ ક્યા જિલામાં આવેલું છે?

જવાબ:- **મહેસાણા**

પ્રશ્ન:-5 ગુજરાતના પ્રાગઐતિહાસિકકાળની માહિતી આપતા પુસ્તક "આર્કિયોલોજી ઓફ ગુજરાત"ના લેખક કોણ છે?

જવાબ:- **હસમુખ સાંકળીયા**

પ્રશ્ન:-6 પૌરાણિક સમયમાં ગુજરાત માટે "આનર્ત" નામ વપરાતું હતું તે આનર્ત કોના પુત્ર હતા?

જવાબ:- **શર્યાતિના પુત્ર**

પ્રશ્ન:-7 "આનર્ત"ની રાજધાની કઈ હતી?

જવાબ:- **કુશસ્થલી**

પ્રશ્ન:-8 આનર્ત વંશના છેલ્લા રાજા કોણ હતા?

જવાબ:- **રૈવત કકુદમી**

GK Gujarat.Com

પ્રશ્ન:-9 ક્યા બૌધ્ધ ગ્રંથોમાં “લાટ” પ્રદેશનો ઉલ્લેખ મળી આવે છે?

જવાબ:- **દીપવંશ અને મહાવંશ**

→ આ બૌદ્ધ ગ્રંથો પાલિ ભાષામાં લખાયેલા છે.

પ્રશ્ન:-10 મૈત્રકકાળમાં આબુની ઉત્તરે આવેલો પ્રદેશ ક્યા નામથી ઓળખાતો હતો?

જવાબ:- **ગુર્જરદેશ કે ગુર્જર ભૂમિ**

પ્રશ્ન:-11 અનુમૈત્રક કાળ દરમિયાન દક્ષિણ રાજસ્થાનના ક્યા પ્રદેશને “ગુર્જરદેશ” તરીકે ઓળખવામાં આવતો હતો?

જવાબ:- **ભિન્નમાલ પ્રદેશ**

પ્રશ્ન:-12 ક્યા રાજવંશના શાસનકાળ દરમિયાન “ગુજરાત” નામ પ્રચલિત બન્યુ હતું?

જવાબ:- **સોલંકીકાળ**

પ્રશ્ન:-13 “ગુજરાત” શબ્દનો સૌપ્રથમ ઉલ્લેખ ક્યા ગ્રંથમાંથી મળી આવે છે?

જવાબ:-**આબુરાસ**

પ્રશ્ન:-14 ગુજરાતનો પ્રામાણિક ઈતિહાસ ક્યા રાજવંશના સમયથી શરૂ થાય છે?

જવાબ:- **મૌર્યવંશથી**

→ ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી ગુજરાતના પ્રામાણિક ઈતિહાસની માહિતી મળે છે.

પ્રશ્ન:-15 પ્રાચીન સમયમાં ઉજ્જયંત અને રૈવતક તરીકે ઓળખતો પર્વત વર્તમાનમાં ક્યા નામથી ઓળખાય છે?

જવાબ:- **ગિરનાર**

પ્રશ્ન:-16 પ્રાચીન યાત્રી ટોલેમીએ કઈ નદીનો ઉલ્લેખ “મોફીસ” તરીકે કર્યો છે?

જવાબ:- **મહી નદી**

GK Gujarat.Com

પ્રશ્ન:-17 બનાસ નદી પ્રાચીન કાળમાં ક્યા નામથી ઓળખાતી હતી?

જવાબ:- **પર્ણાશા**

પ્રશ્ન:-18 ક્યા જૈન તીર્થંકરે ગિરનાર પર્વત પર કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું?

જવાબ:- **ભગવાન નેમિનાથ**

પ્રશ્ન:-19 પ્રાચીન સમયમાં સ્તંભતીર્થ તરીકે હાલનું ક્યું શહેર ઓળખાતું હતું?

જવાબ:- **ખંભાત**

પ્રશ્ન:-20 આનર્તપુર, આનંદપુર અને ચમત્કારપુર વગેરે ક્યા શહેરના પ્રાચીન નામો છે?

જવાબ:- **વડનગર**

પ્રશ્ન:-21 "કાન્હડદે પ્રબંધ" નામની કૃતિના રચયીતા કોણ છે?

જવાબ:- **પદ્મનાભ**

પ્રશ્ન:-22 ગુજરાતમાં સૌ પ્રથમ શોધાયેલું સિંધુ સંસ્કૃતિનું સ્થળ ક્યું છે?

જવાબ:- **રંગપુર**

પ્રશ્ન:-23 ગુજરાતમાં સૌ પ્રથમ શોધાયેલા સિંધુ સંસ્કૃતિના સ્થળ રંગપુરની શોધ ક્યા વર્ષે થઈ હતી?

જવાબ:- **ઈ.સ. 1931**

→ તત્કાલિન લીંબડી રાજ્યનો રસ્તો બનાવતી વખતે અચાનક આ અવશેષો મળી આવ્યા હતા

પ્રશ્ન:-24 ગુજરાતમાં સૌ પ્રથમ શોધાયેલા સિંધુ સંસ્કૃતિના સ્થળ રંગપુરનું શોધકાર્ય કોણે કર્યુ હતું?

જવાબ:- **માધોસ્વરૂપ વત્સ**

GK Gujarat.Com

પ્રશ્ન:-25 ગુજરાતમાં સૌ પ્રથમ શોધાયેલ સિંધુ સંસ્કૃતિનું સ્થળ રંગપુર કઈ નદીના કિનારે આવેલું છે?

જવાબ:- **સૂકભાદર**

પ્રશ્ન:-26 હડપ્પા સંસ્કૃતિનું સ્થળ રંગપુર ક્યા જિલ્લામાં આવેલું છે?

જવાબ:- **સુરેન્દ્રનગર જિલ્લો ( લીમડી તાલુકો)**

પ્રશ્ન:-27 આઝાદી બાદ ગુજરાતમાં ક્યા સ્થળેથી સિંધુ સભ્યતાના સૌથી વધારે અવશેષો મળી આવ્યા છે?

જવાબ:- **રંગપુર**

પ્રશ્ન:-28 લોથલનો શાબ્દિક અર્થ શું થાય છે?

જવાબ:- **મરેલાનો ટેકરો**

પ્રશ્ન:-29 વિશ્વનું સૌથી પ્રાચીન બંદર (ડોકયાર્ડ) ક્યુ માનવામાં આવે છે?

જવાબ:- **લોથલ**

પ્રશ્ન:-30 સિંધુ સભ્યતાનાં સ્થળોમાં અગ્નિકુંડો કાલીબંગન (રાજસ્થાન) ઉપરાંત અન્ય ક્યા સ્થળેથી મળી આવેલ છે?

જવાબ:- **લોથલ**

પ્રશ્ન:-31 સિંધુ સભ્યતાનું સ્થળ “ધોળાવીરા” ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે?

જવાબ:-**કચ્છ (ભચાઉ તાલુકાના ખદીર બેટમાં)**

પ્રશ્ન:-32 સિંધુ સભ્યતાનું સ્થળ ધોળાવીરા કઈ નદીના કિનારે આવેલું છે?

જવાબ:- **લુણી નદી**

GK Gujarat.Com

પ્રશ્ન:-33 સિંધુ સભ્યતાના સ્થળ ધોળાવીરાનું સૌપ્રથમવાર ઉત્ખનન ક્યા વર્ષે કરવામાં આવ્યું હતું?

જવાબ:- **ઈ.સ. 1967-68**

પ્રશ્ન:-34 સિંધુ સભ્યતાના સ્થળ ધોળાવીરાનું સૌપ્રથમવાર ઉત્ખનન કોણે કર્યુ હતું?

જવાબ:- **જગપતિ જોશી**

પ્રશ્ન:-35 ભારતની સિંધુ સંસ્કૃતિની સૌથી મોટી વસાહત રાખીગઢ (હરીયાણા) બાદ બીજા ક્રમની સૌથી મોટી વસાહત કઈ છે?

જવાબ:- **ધોળાવીરા**

પ્રશ્ન:-36 સિંધુ સભ્યતાની લિપિમાં લખાયેલું એકમાત્ર સાઈનબોર્ડ ક્યા સ્થળેથી મળી આવ્યું છે?

જવાબ:- **ધોળાવીરા**

પ્રશ્ન:-37 સિંધુ સંસ્કૃતિનું સ્થળ “રોજડી” ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે?

જવાબ:- **રાજકોટ (ગોંડલ તાલુકો)**

પ્રશ્ન:-38 સિંધુ સંસ્કૃતિનું સ્થળ “રોજડી” કઈ નદીના કિનારે આવેલું છે?

જવાબ:- **ભાદર નદી**

પ્રશ્ન:-39 સિંધુ સંસ્કૃતિનું સ્થળ દેસલપર ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલું છે?

જવાબ:- **કચ્છ (નખત્રાણા તાલુકો)**

પ્રશ્ન:-40 સિંધુ સભ્યતા સ્થળ “દેસલપર” કઈ નદીના કિનારે આવેલું છે?

જવાબ:- **મોરઈ**

GK Gujarat.Com

પ્રશ્ન:-41 ભાલકા તીર્થને અન્ય ક્યા નામથી ઓળખવામાં આવે છે?

જવાબ:- **ગૌલોકધામ**

પ્રશ્ન:-42 શ્રીકૃષ્ણનાં અગ્નિસંસ્કાર જે ત્રીવેણી સંગમ પર કરવામાં આવ્યા હતા તે સ્થળ ક્યા નામથી ઓળખાય છે?

જવાબ:- **દેહોત્સર્ગ તીર્થ**

પ્રશ્ન:-43 શ્રીકૃષ્ણનાં અગ્નિસંસ્કાર જે ત્રીવેણી સંગમ પર કરવામાં આવ્યા તે ત્રીવેણી સંગમ કઈ ત્રણ નદીનો સંગમ છે?

જવાબ:- **હિરણ, કપિલા અને સરસ્વતી**

પ્રશ્ન:-44 ગુજરાતની પ્રથમ પ્રામાણિક રાજધાની કઈ માનવામાં આવે છે?

જવાબ:- **ગિરિનગર (હાલનું ગિરનાર)**

પ્રશ્ન:-45 ગુજરાતની પ્રથમ પ્રામાણિક રાજધાની મનાતું ગિરિનગર ક્યા રાજવંશના સમયે સુરાષ્ટ્રનું વહીવટી મથક હતું?

જવાબ:- **મૌર્યવંશ**

પ્રશ્ન:-46 ચંદ્રગુપ્ત મૌર્યએ સુરાષ્ટ્રના સૂબા તરીકે કોની નિમણુંક કરી હતી?

જવાબ:- **પુષ્પગુપ્ત વૈશ**

પ્રશ્ન:-47 પ્રાચીનકાળમાં જૂનાગઢમાં આવેલ સુદર્શન તળાવનું નિર્માણ કોણે કરાવ્યું હતું?

જવાબ:- **પુષ્પગુપ્ત વૈશ**

પ્રશ્ન:-48 પુષ્પગુપ્ત વૈશ્ય દ્વારા નિર્માણ કરાવેલ સુદર્શન તળાવ કઈ નદી પર બાંધવામાં આવ્યું હતું?

જવાબ:- **સુવર્ણસિક્તા**

GK Gujarat.Com

પ્રશ્ન:-49 જૂનાગઢમાંથી સમ્રાટ અશોક સિવાય અન્ય ક્યા શાસકોના શિલાલેખો મળી આવે છે?

જવાબ:- **ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્ત અને મહાક્ષત્રપ રુદ્રદામા**

પ્રશ્ન:-50 ગિરનારની તળેટીમાં આવેલ અશોકના શિલાલેખની સૌપ્રથમવાર શોધ કોણે કરી હતી?

જવાબ:- **કર્નલ જેમ્સ ટોડ (ઈ.સ. 1822)**

પ્રશ્ન:-51 ગિરનારની તળેટીમાં આવેલા અશોકના શિલાલેખને સૌપ્રથમવાર કોણે ઉકેલ્યો છે?

જવાબ:- **જેમ્સ પ્રિન્સેપ (ઈ.સ. 1837માં)**

પ્રશ્ન:-52 ગિરનારની તળેટીમાં આવેલા અશોકના શિલાલેખની સુધારા-વધારા સાથેની શુધ્ધ પ્રત કોણે તૈયાર કરી છે?

જવાબ:- **ડો. ભગવાનલાલ ઈન્દ્રજીત**

પ્રશ્ન:-53 ગિરનારની તળેટીમાં આવેલો અશોકનો શિલાલેખ કઈ લિપિમાં કોતરવામાં આવેલો છે?

જવાબ:- **બ્રાહ્મી લિપિ**

પ્રશ્ન:-54 ગિરનારની તળેટીમાં આવેલો અશોકનો શિલાલેખ કઈ ભાષામાં કોતરવામાં આવેલો છે?

જવાબ:- **પાલિ**

પ્રશ્ન:-55 ગિરનારની તળેટીમાં આવેલા અશોકનો શિલાલેખ ક્યા વિષય અંગેનો છે?

જવાબ:- **નૈતિક ઉપદેશ**

પ્રશ્ન:-56 મૌર્ય શાસક સમ્રાટ અશોકના સમયમાં સુરાષ્ટ્રનો સૂબો કોણ હતો?

જવાબ:- **તુષાષ્ફ**

GK Gujarat.Com

પ્રશ્ન:-57 જૈન ધર્મગ્રંથો અનુસાર ગુજરાતમાં સંપ્રતિનું શાસન હતું, તે સંપ્રતિ કોણ હતા?

જવાબ:- **અશોકના પૌત્ર**

પ્રશ્ન:-58 ગિરનાર પર આવેલ મહાવીર મંદિરના સ્થળને ક્યા નામથી ઓળખવામાં આવે છે?

જવાબ:- **સંપ્રતિની ટૂંક**

પ્રશ્ન:-59 સુદર્શન તળાવનું સમારકામ કરાવનાર પર્ણદત્ત ક્યા શાસકનો સૂબો હતો?

જવાબ:- **સ્કંદગુપ્ત**

પ્રશ્ન:-60 જૂનાગઢમાં મહાક્ષત્રપ રૂદ્રદામાનો શિલાલેખ કઈ ભાષામાં કોતરાવેલો છે?

જવાબ:- **સંસ્કૃત**

પ્રશ્ન:-61 જૂનાગઢમાં ઉપરકોટની દક્ષિણે આવેલ પત્થરમાંથી કોતરેલ (શૈલ-ઉત્કીર્ણ) ગુફાઓ ક્યા નામથી ઓળખાય છે?

જવાબ:- **બાવા-પ્યારે**

પ્રશ્ન:-62 શામળાજી પાસે "દેવની મોરી" નામના સ્થળેથી પ્રાપ્ત થયેલા અવશેષો ક્યા રાજવંશના સમયના છે?

જવાબ:- **શક-ક્ષત્રપ**

પ્રશ્ન:-63 ખાપરા કોડિયાની ગુફાઓનો સમૂહ ગુજરાતમાં ક્યાં આવેલો છે?

જવાબ:- **જૂનાગઢ**

પ્રશ્ન:-64 કડિયા ડુંગરની ગુફાઓ ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલી છે?

જવાબ:- **ભરૂચ**

GK Gujarat.Com

પ્રશ્ન:-65 સાણા ડુંગરની બૌધ્ધ ગુફાઓ ગુજરાતના ક્યા જિલ્લામાં આવેલી છે?

જવાબ:- **ગીર સોમનાથ**

પ્રશ્ન:-66 સુદર્શન તળાવના કિનારે ચક્રધારી વિષ્ણુનુ મંદિર કોણે બંધાવ્યું હતું?

જવાબ:- **ચક્રપાલિત**

પ્રશ્ન:-67 ગુપ્તકાળ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં ક્યા રાજવંશનું શાસન હતું?

જવાબ:- **ત્રૈકૂટક વંશ**

પ્રશ્ન:-68 ત્રૈકૂટક વંશના સંસ્થાપક કોણ હતા?

જવાબ:- **ઈન્દ્રદત્ત**

પ્રશ્ન:-69 ત્રૈકૂટક વંશના શાસકો ક્યા સંવતને અનુસરતા હતા?

જવાબ:- **કલચુરી સંવત**

પ્રશ્ન:-70 કલચુરી વંશને અન્ય ક્યા નામથી ઓળખવામાં આવે છે?

જવાબ:- **હૈહય**

પ્રશ્ન:-71 વલભીમાં મૈત્રક વંશની સ્થાપના કોણે કરી હતી?

જવાબ:- **સેનાપતિ ભટ્ટાર્ક**

પ્રશ્ન:-72 સેનાપતિ ભટ્ટાર્કે ક્યા વર્ષે વલભીમાં મૈત્રક વંશની સ્થાપના કરી હતી?

જવાબ:- **ઈ.સ. 470**

પ્રશ્ન:-73 મૈત્રક વંશના શાસકો ક્યા ધર્મના અનુયાયીઓ હતા?

જવાબ:- **શૈવ ધર્મ**

GK Gujarat.Com

પ્રશ્ન:-74 શૈવ ધર્મના ચાર સંપ્રદાયો કાપાલિક, પાશુપત, લિંગાયત અને કાલામુખ પૈકી મૈત્રક શાસકો ક્યા સંપ્રદાયના અનુયાયીઓ હતા?

જવાબ:- **પાશુપત સંપ્રદાય**

પ્રશ્ન:-75 જૈન ધર્મની બીજી સંગિતિ ક્યા સ્થળે ભરાઈ હતી?

જવાબ:- **વલભી**

પ્રશ્ન:-76 જૈન ધર્મની બીજી સંગિતિ ક્યા શાસકના શાસનકાળમાં ભરાઈ હતી?

જવાબ:- **ધ્રુવસેન પહેલો**

પ્રશ્ન:-77 ધ્રુવસેન પહેલાના શાસનકાળમાં ભરાયેલ જૈનધર્મની બીજી સંગિતિ ક્યા વર્ષે ભરાઈ હતી?

જવાબ:- **ઈ.સ. 512**

પ્રશ્ન:-78 જૈનધર્મની બીજી સંગિતિ બોલાવવા પાછળ મહેનત કરનાર ધ્રુવસેન પહેલાની પત્નીનું નામ શું હતું?

જવાબ:- **ચંદ્રલેખા**

પ્રશ્ન:-79 ઈ.સ. 512માં વલભીમાં યોજાયેલ બીજી જૈન સંગિતિના અધ્યક્ષ કોણ હતાં?

જવાબ:- **ક્ષમાશ્રવણ**

પ્રશ્ન:-80 "રાવણવધ" નામની કૃતિના રચયિતા ભટ્ટી ક્યા શાસકના આશ્રિત હતા?

જવાબ:- **ધરસેન ચોથો**

પ્રશ્ન:-81 મૈત્રક વંશનો અંતિમ શાસક કોણ હતો?

જવાબ:- **શિલાદિત્ય સાતમો**

GK Gujarat.Com

પ્રશ્ન:-82 પ્રાચીન સમયમાં વિદ્યાનું મહત્વનું કેન્દ્ર ગણાતી "વલભી વિદ્યાપીઠ"ની સ્થાપના ક્યા શાસકના સમયમાં થઈ હતી?

જવાબ:- **ધરસેન પ્રથમ**

પ્રશ્ન:-83 ક્યા ચીની પ્રવાસીઓએ વલભીની મુલાકાત લીધી હતી?

જવાબ:- **હ્યુ-એન-ત્સાંગ અને ઈત્સિંગ**

પ્રશ્ન:-84 ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સાંગે વલભીની મુલાકાત ક્યા વર્ષે લીધી હતી?

જવાબ:- **ઈ.સ. 640**

પ્રશ્ન:-85 ચીની પ્રવાસી હ્યુ-એન-ત્સાંગે વલભીની મુલાકાત લીધી ત્યારે વલભી પર કોનું શાસન હતું?

જવાબ:- **ધ્રુવસેન બીજો**

પ્રશ્ન:-86 ક્યા જૈન સંપ્રદાયની ઉત્પતિ વલભીથી થઈ હતી?

જવાબ:- **શ્વેતાંબર**

પ્રશ્ન:-87 મૈત્રકવંશની શાસન વ્યવસ્થામાં મહેસૂલ ખાતાનો મુખ્ય અધિકારી ક્યા નામથી ઓળખાતો હતો?

જવાબ:- **ઉપરિક**

પ્રશ્ન:-88 મૈત્રકકાળ દરમિયાન ન્યાયખાતાના મુખ્ય અધિકારીને શું કહેવાતો હતો?

જવાબ:-**પ્રમાતા**

પ્રશ્ન:-89 મૈત્રકકાળમાં ગામનો વડો ક્યા નામથી ઓળખાતો હતો?

જવાબ:- **ગ્રામકૂટ**

GK Gujarat.Com

પ્રશ્ન:-90 મૈત્રકકાળમાં મહેસૂલ માટે ક્યો શબ્દ વપરાતો હતો?

જવાબ:- **આદેય કે આદાન**

પ્રશ્ન:-91 મૈત્રકકાળમાં રોકડ સ્વરૂપે ઉઘરાવાતા મહેસૂલને શું કહેવાતું હતું?

જવાબ:- **હિરણ્ય**

પ્રશ્ન:-92 મૈત્રકકાળમાં "મેંય" શબ્દ કોના માટે વપરાતો હતો?

જવાબ:- **અનાજ સ્વરૂપે આપવામાં આવતું મહેસૂલ**

પ્રશ્ન:-93 મૈત્રકકાળમાં રોકડ સ્વરૂપે કે અનાજ સ્વરૂપે કર આપી શકે તેમ ન હોય તેઓ પાસે મફતમાં કરાવવામાં આવતા કામને શું કહેવાતું હતું?

જવાબ:- **વિષ્ટિ**

પ્રશ્ન:-94 મૈત્રકકાળમાં બહારથી આયાત કરેલી વસ્તુઓ પર લગાવવામાં આવતી જકાતને શું કહેવાતી હતી?

જવાબ:- **વાતપ્રત્યાય**

પ્રશ્ન:-95 મૈત્રકકાળમાં ગામમાં ઉપજેલી વસ્તુઓ પર લગાવવામાં આવતી જકાતને શું કહેવાતી હતી?

જવાબ:- **ભૂતપ્રત્યાય**

પ્રશ્ન:-96 મૈત્રકકાળમાં વાતપ્રત્યાય અને ભૂતપ્રત્યાય નામની જકાતો ઉઘરાવવા માટે નિમેલા ખાસ અધિકારી ક્યા નામથી ઓળખાતા હતા?

જવાબ:- **શૌલ્કિક**

પ્રશ્ન:-97 ક્યો મૈત્રક શાસક દર વર્ષે એક મોક્ષ પરિષદનું આયોજન કરતો હતો?

જવાબ:- **શીલાદિત્ય પ્રથમ**

**Downloaded from www.gkgujarat.com** 

GK Gujarat.Com

પ્રશ્ન:-98 વલભીનો નાશ કઈ રીતે થયો હતો?

જવાબ:- **આરબોના આક્રમણથી**

પ્રશ્ન:-99 વલભીનો નાશ ક્યા વર્ષે કરવામાં આવ્યો હતો?

જવાબ:- **ઈ.સ. 788**

પ્રશ્ન:-100 પારસીઓના જાદીરાણા તરીકે કોણ ઓળખાતું હતું?

જવાબ:- **રાજા વજ્જી દેવ**

## :: All the Best ::

Visit Our YouTube Channel for More GK in Gujarati :

https://www.youtube.com/@uniqueeducation-gujarati

